### કેન્દ્ર અને રાજ્યમાં ભાજપની સરકાર છતાં સરકારી કચેરીઓમાં વચેટીયા રાજ ખતમ કરવાના દાવા પોકળ

## આણંદ જિલ્લા પંચાયતમાં વચેટીયાઓના વહીવટની બોલબાલા : શાસન ભાજપનું વચેટીયા રાજ વિપક્ષનું



આણંદ,તા.૨૧

આણંદ જીલ્લા સેવાસદન તથા અવકુડામા ઢળતી સંધ્યાની સાથે વચેટીયાઓની વહીવટી લાલીમા વકરી રહ્યા હોવાનું આધારભૂત સુત્ર દ્વારા જાણવા મળેલ છે. ત્યારે જાગૃત નાગરિક દ્વારા કરવામાં આવેલ આક્ષેપ તથ્યની તપાસ થાય તો શાસન ભાજપનું વચેટીયા રાજ વિપક્ષનું હોવા પગલે કુછ તો ગરબડ હૈની આશંકા સાથે અહો આશ્ચર્યમ્ સજૉઈ રહ્યા હોવાનું જાણવા મળેલ છે. પ્રાપ્ત વિગત અનુસાર મુખ્યમંત્રી કાળથી લઈ વર્તમાન વડાપ્રધાન સમય દરમ્યાન નરેન્દ્ર મોદી સરકારમાં સરકારી કચેરીઓમાં વચેટીયા રાજ ખતમ કરવાના દાવા કરવામાં આવી રહ્યા છે. પરંતુ આ દાવા આણંદ જીલ્લા સેવાસદન તથા અવકુડામા પોકળ સાબિત થઈ રહ્યા હોય તેમ તાજેતરમાં ભાજપી કાર્યકરે જીલ્લા સેવાસદન તથા અવકુડામા વકરેલ વચેટીયાઓ નામ સહિત દ્વારા રચાતા મલાઈ વહીવટ ખેલ મુદાસર રાજ્ય મુખ્યમંત્રીને સમગ્ર મામલે તપાસ કરવા લેખીત રજૂઆત કરવામાં આવતા તપાસ થશે કે કેમ?નાતેવા સવાલ સાથે ગાંધી વૈદ્યનાસહિયારાના ખેલથી ઘીના ઠામમાં ઘી ઠરવા પામશે તેવી આશંકા વ્યક્ત કરવામાં આવતા સેવાસદન સંકુલમાંથી જાણવા મળ્યા મુજબ ઢળતી સંધ્યા સાથે બંધ બારણે વચેટીયાઓના વહીવટી લાલીમાના ખેલ રચાતા હોવાની ચોકાવનારી વિગત સાથે શાસન ભાજપનું પરંતુ જીલ્લા સેવાસદન,અવકુડામા વચેટીયા વિપક્ષ સાથે સંકળાયેલાના હોવાના ચોકાવનારા દાવા મુખ્યમંત્રીને જાગૃત નાગરિક દ્વારા કરવામાં આવેલ લેખીત રજૂઆત પગલે કુછ તો ગરબડ હૈની આશંકા સાથે અહો આશ્ચર્યમ્ સ્થીતી સજૉવા પામી હોવાનું જાણવા મળેલ છે. જોકે સમગ્ર મામલે શાસકપક્ષના ભ્રષ્ટાચાર મુક્ત શાસનના દિવાતળે અંધારૂ હોવાનું જાણવા મળેલ છે.

## ખેડૂતોને કોટનની હરાજીના સારા ભાવ મળતા ખુશી વ્યાપી

બોટાદ,તા.૨૧

સૌરાષ્ટ્રના સૌથી મોટા ગણાતા બોટાદના કોટન યાર્ડમાં કપાસની આવક શરૂ થઈ. રોજની અહીંયા ૧૦થી ૧૨ હજાર મણ કપાસની આવક થઈ રહી છે. અને ખેડૂતોને હરાજીના ભાવ રૂ.૧૫૦૦થી ૨૧૦૦ સુધી મળી રહ્યા છે. આગામી દિવસોમાં યાર્ડમાં ૧ લાખ મણ કપાસની આવક થશે. સૌરાષ્ટ્રમાં ખેડૂતો મુખ્યત્વે કપાસનું વાવેતર કરતા જોવા મળે છે. ત્યારે સૌરાષ્ટ્રનું સૌથી મોટું કોટન યાર્ડ બોટાદમાં આવેલુ છે. જ્યાં સીઝનમાં ૧ લાખ મણ કપાસની આવક થતી હોય છે અને ખેડુતો બોટાદ જિલ્લા સહિત અન્ય જિલ્લામાંથી કપાસ વેચવા માટે આવતા હોય છે. ત્યારે હાલ છેલ્લા ૧૦ દિવસથી અહીંયા કપાસ વેચવા માટે ખેડૂતો આવી રહ્યા છે. જ્યાં રોજની ૧૦થી ૧૨ હજાર મણ કપાસની આવક થઈ રહી છે. અને હરાજીમાં ખેડૂતોને રૂ. ૧૫૦૦થી ૨૧૦૦ સુધીના ભાવ મળી રહ્યા છે.

### ડીવાઇડર પર ઠેરઠેર ભંગાણના પોપડા ઉખળતા બ્રીજની મજબૂતાઇ પર શંકા

## બોરસદ ચોકડી ફલાયઓવર કાર્યરત પૂર્વ બનેલા ડીવાઈડરમાં ભ્રષ્ટાચારની બૂમ



આણંદ,તા.૨૧

આશરે બે વર્ષ પૂર્વ બોરસદચોકડીના દાંડીમાર્ગે ખાતે વકરતી ટ્રાફિક સમસ્યાના પગલે સરકાર દ્વારા કરોડોના ખર્ચે ફલાયઓવર બ્રીજ મંજૂર કરતાં કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. અને નિયત સમય મર્યાદામા ગત માસે પૂર્ણ કરવા છતાં હજુ ત્રણ માસ વિલંબ સાથે બ્રીજના આવાગમન માટે બનાવવામાં આવેલ માર્ગે ડીવાઈડરમાં બ્રીજ કાર્યરત પૂર્વ ભ્રષ્ટાચારની પ્રથમ ગ્રાસે મક્ષીકા નડતા તૂટવા પામતા બ્રીજની મજબૂતાઇ પર શંકા ઉઠવા પામી હોવાનું જાણવા મળેલ છે.પ્રાપ્ત વિગત અનુસાર રાજ્ય સરકાર દ્વારા મુખ્યમાર્ગે વકરતી ટ્રાફિક સમસ્યા પગલે દાંડીમાર્ગે બોરસદ ચોકડી ખાતે ફલાયઓવરની મંજૂરી આપવામાં આવી હતી. જેના પગલે બેવર્ષ પૂર્વ સાકાર કાર્યવાહી હાથ ધરી નિયત સમય મર્યાદામા પૂર્ણ કરવા છતાં હજુ ત્રણ માસ વિલંબની શકયતા વચ્ચે બ્રીજ પરથી આવાગમન માટે મુખ્યમાર્ગે ડીવાઈડર બનાવવામાં આવ્યા હતા. પરંતુ બ્રીજ કાર્યરત પૂર્વ જ ભ્રષ્ટાચારની પ્રથમ ગ્રાસે મક્ષીકા નડવા પામી હોય તેમ ડીવાઈડર પર ઠેરઠેર ભંગાણના પોપડા ઉખળતા બ્રીજની મજબૂતાઇ પર શંકા ઉઠવા પામી હોવાનું જાણવા મળેલ છે.

### કોંગી ધારાસભ્યની છબી શંકાના દાયરામાં આવતા પક્ષમાં અવઢવની સ્થિતિ સજોઇ

## પેટલાદની જગ્યા ભાડે લેનાર છ ટર્મથી કોંગી એમએલએ દ્વારા કબ્જો છોડવા તગડો નાણાકીય ખેલ ખેલતા ગરમાવો

આણંદ,તા.૨૧

આગામી રાજ્ય વિધાનસભા જંગનો રંગ પકડાઈ રહ્યો હોય રાજકીય પક્ષો દ્વારા ઉમેદવાર પસંદગીની કવાયત હાથ ધરવામાં આવી રહી છે. ત્યારે પેટલાદના છ ટર્મથી કોંગ્રસના ધારાસભ્યએ તેમના પિતા દ્વારા વર્ષો પૂર્વ ભાડે રાખેલ જગ્યાનો કબ્જો પરત આપવા ધારાસભ્યએ તગડો નાણાકીય ખેલ પાડતા પ્રજાસેવકને લાછન લાગી રહ્યાની ચર્ચા પેટલાદ પંથકમાં ઉઠવાના પગલે રાજકીય ગરમી ઉભી થવા પામી હોવાનું જાણવા મળેલ છે. પ્રાપ્ત વિગત અનુસાર પેટલાદના શેરાપુરાના નાકે ટીકાનં ૧/૫,સીટીસર્વેનં ૧૧૧ વાળી જગ્યા વર્ષો પૂર્વ છેલ્લી છ ટર્મથી કોન્ગ્રેસના ધારાસભ્ય નિરંજન પટેલના પિતાએ ખુલ્લી જગ્યા તથા કાચા બાધકામની દુકાન ભાડે રાખવામાં આવેલ હતી. સમયાંતરે સ્થળનો ઉપયોગ ન થવા પામતા સદર ભાડુઆત કબ્જો પરત આપવા જગ્યાના



મૂળમાલિકના કુલમુખત્યાર સાથે નાણાકીય ખેલ રચવામાં આવતા ધારાસભ્ય તથા તેમના પરિવારને તગડો નાણાકીય લાભ અપાવી સદર જગ્યાનો કબ્જો પરત આપતાં પેટલાદ વિધાનસભા વિસ્તારમાં મુદ્દો ચર્ચાની એરણે ચઢવા પામ્યો હોય તેમ છ ટર્મથી ધારાસભ્ય, અગાઉ પાલિકા શાસનકર્તા છતાં કહેવાતા પ્રજાસેવક દ્વારા ભાડે લીધેલ જગ્યાનો કબ્જો પરત આપવા ઓન પેપર દર્શાવેલ રકમ થી વધુ લેવામાં આવી હોવાની ચર્ચા વચ્ચે રાજકીય ગરમી ઉભી થયાનું જાણવા મળેલ છે. અત્રે ઉલ્લેખનીય છેકે રાજ્ય વિધાનસભા જંગના પડધમ વાગી રહ્યા હોય રાજકીય પક્ષો દ્વારા ઉમેદવાર પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હોય તેવા સમયે કોન્ગી ધારાસભ્યની પ્રજાસેવકની છબી શંકાના દાયરામાં આવતા પક્ષમાં અવઢવની સ્થીતી સજૉવા પામી હોવાનું જાણવા મળેલ છે.

## MTM નુકસાનને બેલેન્સશીટમાં દર્શાવવાની બેન્કોની વિનંતી નકારાઈ

મુંબઈ

માર્ક ટુ માર્કેટ (એમટીએમ) નુકસાનને બેલેન્સ શીટસ પર દર્શાવવવામાં લવચિકતા પૂરી પાડવા માટેની બેક્નોની વિનંતીને આરબીઆઈએ નકારી કાઢી છે. જુનથી બીજી વખત રિઝર્વ બેક્રે બેક્નોની વિનંતીને નકારી કાઢી છે. આ અગાઉ બેક્નોએ એક ત્રિમાસિક ગાળામાં ગયેલી ખોટને અન્ય ત્રિમાસિક ગાળામાં ખેંચી જવા કરેલી વિનંતીને નકારી કઢાઈ હતી એમ બેક્રિંગ ક્ષેત્રના વર્તુળોએ જણાવ્યું હતું. વર્તમાન નાણાં વર્ષમાં વ્યાજ દરમાં વધારાને કારણે બેક્નોને જંગી એમટુએમ ખોટ જઈ રહી છે. ઈન્ડિયન બેક્રસ' એસોસિએશન મારફત બેક્નોની આ વિનંતી આવી પડી હતી.

એમટુએમ ખોટને બેલેન્સશીટસમાં દર્શાવવામાં લવચિકતાથી બેક્નોની કામગીરીનું ખરું ચિત્ર પૂરું પાડવામાં મદદ મળશે એવો પણ એક બેક્રરે દાવો કર્યો હતો.

### રાવળાપુરામાં અંગ્રેજોના જમાનાથી ફાળવેલા જાહેર માર્ગ પર

## સ્થાનિક દ્વારા કરાયેલું દબાણ ખુલ્લું કરવા કોર્ટનો હુકમ છતાં તંત્રની અવળચંડાઇ

આણંદ,તા.૨૧

આશરે સરકારી રેકર્ડ મુજબ ૧૦૮ વર્ષ પૂર્વ અંગ્રેજ શાસનકાળમાં શહેર નજીકના રાવળાપુરા ખાતે નાના મોટા વાહન તથા રાહદારીઓ માટે જાહેર માર્ગે ફાળવવામાં આવ્યો હતો. તેમ છતાં સ્થાનિક માથાભારે તત્વો દ્વારા દબાણ કરવામાં આવતા મામલો ન્યાયાલયમાં પહોંચ્યા બાદ ન્યાયાલય દ્વારા માર્ગ ખુલ્લો કરવાના હુકમ કરવામાં આવ્યો હોવા છતાં સ્થાનિક તંત્ર દ્વારા અવળચંડાઈ કરવામાં આવતાં મલાઈ વહીવટના ખેલ હોવાની આશંકા સ્થાનિકો દ્વારા વ્યક્ત કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

પ્રાપ્ત વિગત અનુસાર શહેર નજીકના રાવળાપુરા ખાતે ખેતર માર્ગેથી પસાર થતાં વાહન આવાગમન માટે અંગ્રેજોના શાસન દરમ્યાન માર્ગે ફાળવવામાં આવ્યો હતો.

પરંતુ બાદમાં સમયાંતરે સદર ગામમાં આવેલ સર્વે નં.૩૫૭ સહિત અન્યને માર્ગે પર સર્વે નં.૩૫૬ના માથાભારે શખ્સ દ્વારા વાહન તથા રાહદારી આવાગમન માટે ફાળવવામાં આવેલ માર્ગે પર સરકારી જમીન હોવા છતાં ગેરકાયદે કબ્જો લઈ દબાણ કરવામાં આવતા સ્થાનિક દ્વારા તંત્રને વારંવાર ફરિયાદ કરવામાં આવી હતી.

ઉપરાંત બેમાસ પૂર્વ મહેસુલમંત્રીની ઉપસ્થિતિમાં ફરિયાદ નિવારણ સમયે પણ દાદ માગવા છતાં મામલો ન્યાયાલયમાં પહોચતા ન્યાયાલય દ્વારા સદર માર્ગે પરનું દબાણ હટાવી પંદર ફૂટ જેટલો ભાગે ખુલ્લો કરવાના હુકમ છતાં તેને ધોળી પી જવામાં આવ્યો હોય મામલતદારને સ્થાનિકો દ્વારા રજૂઆત કરવામાં આવી હોવા છતાં પગલાં લેવામાં ન આવતા શું મલાઈ વહીવટ ખેલની આશંકા વ્યક્ત કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

થોડાસમય પૂર્વ મહેસુલમંત્રી દ્વારા સરકારી જમીન પર ગેરકાયદે દબાણ કરી જમીન કબ્જે લેવાના બનાવ વધવા પામતા લેન્ડ ગ્રેબિંગ એકટને મંજૂરી આપવામાં આવી હોવા છતાં તંત્રની સ્થળ તપાસ હાથ ધરી કોર્ટના હુકમ બાદ પણ તંત્ર દ્વારા અવળચંડાઈ કરવામા આવતા શું મલાઈ વહીવટ ખેલની આશંકા વ્યક્ત કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

## બંદરોએ અટવાયેલા ચોખાનો નિકાલ ન થતાં નિકાસકારો મુશ્કેલીમાં મુકાયા

મુંબઈ,તા.૨૧

દેશમાંથી ચોખાની નિકાસ પર પ્રતિબંધ તથા ડયૂટી લાગુ કરાયાના પંદર દિવસ બાદ પણ હજુ છ લાખ ટન્સ જેટલા ચોખા વિવિધ બંદરો ખાતે અટકી પડયા છે. ચોખાની રવાનગીમાં વિલંબ થતાં નિકાસકારોએ ભારે ડિમરેજ (વિલંબ શુલ્ક) ચૂકવવું પડી રહ્યું છે. ડયૂટી કોણ ચૂકવશે તેને લઈને પણ વિવાદ ચાલી રહ્યો છે.

૮ સપ્ટેમ્બરના એક નિર્ણયમાં સરકારે ટૂકડા ચોખાની નિકાસ પર પ્રતિબંધ મૂકી દીધો હતો અને અન્ય પ્રકારના ચોખા પર વીસ ટકા એકસપોર્ટ ડયૂટી લાગુ કરી છે. વર્તમાન વર્ષે દેશમાં ચોમાસાની અનિશ્ચિતતાને પગલે ચોખાના વાવેતર પર અસર પડી છે, જેને પરિણામે ઉત્પાદન ઓછું ઊતરવાની ધારણાંએ ઘરઆંગણે ભાવ વધી રહ્યા છે. ભાવને અંકૂશમાં રાખવા સરકારે નિકાસ નિયમનો લાગુ કરવા નિર્ણય લેવાની ફરજ પડી છે.

## વિધાનસભા જંગ અગાઉ જિલ્લા કોંગ્રેસ સંગઠનમાં પાટીદાર નેતાની નિમણુંક

આણંદ,તા.૨૧


આગામી રાજ્ય વિધાનસભા ચૂંટણી જંગના પડઘમ વાગી રહ્યા હોય કોંગ્રેસ દ્વારા સરદાર પટેલનું સ્ટેડિયમ નામ રદ થતાં સરદાર સન્માન સંકલ્પ સમિતિને સહકાર આપ્યા બાદ હવે છેલ્લા કેટલાય સમયથી જીલ્લા કોંગી સંગઠનમાં પાટીદાર નેતાપદ માટે ઉપેક્ષા કરવામાં આવ્યા બાદ વિધાનસભા જંગ પૂર્વ જીલ્લા કોન્ગી સંગઠનના ઉપપ્રમુખપદે પાટીદાર નેતાની વરણી કરવામાં આવતા આખરે કોંગ્રેસને ડહાપણની દાઢ ફૂટીની ચર્ચા રાજકીય વર્તુળમાં ઉઠવા પામી છે. પ્રાપ્ત વિગત અનુસાર વર્ષ ૧૯૮૦માં રાજ્ય વિધાનસભા ચૂંટણી જંગમાં કોંગ્રસે ખામ થીયરીથી રાજ્ય ઈતિહાસમાં સૌથી વધુ બેઠકનો વિક્રમ જે આજે પણ અકબંધથી સત્તા મેળવતા રાજસત્તામાં પાટીદાર સમાજને કોંગ્રેસ દ્વારા અળગા કરવામાં આવ્યો હતો. જેના પગલે અઢી દાયકા પૂર્વ જિલ્લાના સ્વ.કોન્ગી નેતા દ્વારા પાટીદાર સમાજ પર વિવાદીત ટીપ્પણી કરતાં પંથકના પાટીદાર સમાજ દ્વારા નારાજગી વ્યક્ત કરવામાં આવી હતી. જેના પગલે જીલ્લા કોંગ્રેસ સંગઠનમાં પાટીદાર નેતાઓની બાદબાકી કરાતાં નારાજ નેતાઓ ભાજપમાં જોડાઈ મજબૂત સંગઠનમાં સક્રિય બનતાં સ્વાયત્ત તથા સ્વરાજકીય સંસ્થા ઉપરાંત વિધાનસભા, લોકસભામાં ભાજપ જીતથી સફળ નિવડ્યુ હતું. તેમ છતાં કોન્ગ્રેસ ધૃતરાષ્ટ્ર બની રહેતા જીલ્લામાં બીજા નંબરના બહુમત સમાજને અળગા રાખી કોંગ્રેસની સત્તા લોલુપતામા અધૂરપ ઉભી થવા પામતા આગામી વિધાનસભા જંગ પૂર્વ કોંગ્રેસ દ્વારા જીલ્લા સંગઠનના ઉપપ્રમુખપદે બે પાટીદાર નેતાની નિમણુંક કરવામાં આવતા મોડેમોડે કોંગ્રેસને ડહાપણની દાઢ ફૂટીની ચર્ચા ઉઠવા પામી છે.

### રોફ મારવા જનાર કારચાલક દંડાશે

## કારમાં મનસ્વી મોડિફિકેશન કરનાર સામે આકાર પગલાઓ લેવા નિર્ણય

નવીદિલ્હી,તા.૨૧

ભારતમાં ઘણા એવા કાર માલિક છે, જે પોતાની કારમાં મોડિફિકેશન કરાવવાનું પસંદ કરે છે. જોકે આમ કરવા પાછળ એ કારણ હોય છે કે તેનાથી કાર વધુ અગ્રેસિવ લાગે છે અને સ્ટાઈલિશ દેખાય છે. જોકે ઘણા મોડિફિકેશન્સ એવા છે, જેને કરાવવા તમને ભારે પડી શકે છે. જોકે કેટલા મોડિફિકેશન્સ ભારતમાં સંપૂર્ણપણે ગેરકાયદેસર ગણવામાં આવે છે. જો તમે તમારી કારમાં તેને કરાવ્યા છે તો તમારે મોટો દંડ ભરવો પડી શકે છે. જો તેના વિશે જાણતા નથી તો આજે અમે તમને જણાવવા જઈ રહ્યા છીએ. થોડા સમય પહેલાં સુધી ભારતમાં કારોના કાચને ટિંટેડ કરાવી શકતા હતા, ત્યારે તેના પર પ્રતિબંધ ન હતો પરંતુ સમય સાથે વધતા જતા ગુનાને જોતાં આ નિયમમાં ફેરફાર



થયો અને હવે કારના કાચને ટિંટેડ કરાવવો ગેરકાનૂની છે. જો કારના કાચ ટિંટેડ મળે છે તો પોલીસ તેનો મેમો ફાડે છે. મોડિફાઈડ સ્ટેયરિંગ લગાવવું એટલા માટે ગેરકાયદેસર છે કારણ કે સ્ટોક સ્ટીયરિંગમાં એર બેગ્સ હોય છે જ્યારે મોડિફાઈડ સ્ટીયરિંગમાં હોતી નથી. જો તમે મોડિફાઈડ સ્ટીયરિંગ લગાવો છો તો તેનાથી તમારી સેફ્ટી ખતરમાં મુકાઈ શકે છે અને એક્સીડેન્ટ દરમિયાન આ જીવલેણ સાબિત થઈ શકે છે. એવામાં તેને લગાવવા પર મોટો મેમો ફાટી શકે છે. જો તમે કારના ઓરિજનલ કલરને હાઈડ કરીને તેના ઉપર બીજો કોઈ કલરનું કોટ કરાવ્યું છે અથવા પછી કોઈ રેપિંગ કરાવી છે તો આવી કારોને પોલીસ જોતાં જ રોકે છે અને તેનો મેમો ફાડે છે. એવામાં કારના ઓરિજનલ કલર સાથે છેડછાડ કરવી ન જોઈએ. જો તમને આફ્ટ્ર માર્કેટ ગ્રિલ કેજિંગ પોતાની કારમાં લગાવી છે તો આ એક્સિડેન્ટ દરમિયાન ખતરનાક સાબિત થઈ શકે છે કારણ કે તેના લીધે ઘણીવાર કારની એરબેગ ખુલતી નથી. એટલું જ નહી તેનાથી અન્ય કારોને પણ નુકસાન થાય છે. એટલા માટે તેને લગાવવા પર પણ મેમો ફાડવામાં આવે છે.

### ૯,૦૦૦ લોકોને એક સાથે લક્ઝરી મુસાફરીની મજા આપી શકે એવું

## વિશ્વનું સૌથી મોટું ક્રુઝ શિપ પાણીમાં ઉતરે તે પહેલા કબાડીમાં વેચાશે




નવી દિલ્હી, તા. ૨૧

ક્રુઝ શિપની પાર્ટીઓ પૂલ પાર્ટી, મ્યુજિકલ પરફોર્મન્સ, હાઈ-ફાઈ લોકો, લક્ઝરી શોખ એ બધું જ ક્રુઝ પાર્ટીની ઓળખ સમાન છે.ત્યારે આજે વિશ્વનું સૌથી મોટું ક્રુઝ શિપ પાણીમાં ઉતરે એ પહેલા જ કમનસીબે કબાડીમાં વેચાવા જઈ રહ્યું છે. આના પરથી આ કોઈ જૂનું ક્રુઝ શિપ હોય એવો ખ્યાલ પહેલો આવે અને તે કામ કરતુ બંધ થઈ ગયું હશે એવો વિચાર આવે. પરંતુ એવું નથી આ એક તદ્દન નવી ક્રુઝ શિપ છે. જે હજુ પાણીમાં સફરને માટે ઉતર્યું પણ નથી. વાસ્તવમાં આ શિપને તૈયાર કરી દેવામાં આવ્યું છે. પરંતુ તેને ખરીદનાર કોઈ મળ્યું નથી. જેને લઈને આ ક્રુઝ શિપ તેની પહેલી યાત્રા પર જતા પહેલા જ કબાડીમાં વેચાવા જશે. આ શિપનું નામ ગ્લોબલ ડ્રીમ (ગ્લોબલ ડ્રીમ) છે. વૈશ્વિક ડ્રાઈવમ-૨ વિશ્વનું સૌથી મોટું ક્રુજ શિપ છે. આ શિપમાં ૯,૦૦૦ યાત્રી એકસાથે યાત્રા કરી શકે છે. આ ૨૦-ડેકવાળો શિપ છે. જેમાં આઉટડોર વોટર પાર્ક અને સિનેમા હોલ પણ છે. એનો ખરીદનાર કોઈ ન મળતા આ શિપ બનાવતી કંપની દેવા નીચે દબાઈ ગઈ છે. જર્મન-હાંગકાંગની શિપ બનાવતી કંપની સ્ફ ઊકિીહ દ્વારા આ શિપ બનાવવામાં આવી છે. આ કંપનીએ જયારે નાદારીની અરજી કરી ત્યાં સુધી શિપનું નિર્માણ લગભગ પૂર્ણ થયું હતું. ગ્લોબલ ડ્રાઈવમ-૨ ની કિંમત ૧.૫ અરબ ડોલર છે. આ શિપને ખરીદનાર કોઈ ગ્રાહક મળતું નથી. જો મોડે મોડે પણ કોઈ ગ્રાહક મળશે તો તે ક્રુઝ શિપ અને કંપની બંને બચી શકે તેમ છે. અન્યથા એને કબાડીને માટે મૂકવું પડશે. આ શિપ બનાવવા માટે લગભગ બે અરબ ડોલર ખર્ચ થઈ શકે છે. હજુ પણ તેને પૂર્ણ કરવા માટે ૩૪૦ ડોલરની જરૂર છે. એનું એક સિસ્ટર શિપ વૈશ્વિક ડ્રાઈવ પણ બજારમાં વેચાવાને માટે ઉભું છે.પરંતુ એના માટે પણ કોઈ ખરીદનાર ગ્રાહક મળતા નથી.પરંતુ તે સંપૂર્ણ રીતે તૈયાર છે, તેથી તે સ્ક્રેપમાં વેચવાની સંભાવના નથી.

**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન**

મહાનગર સેવા સદન

વોટર ઓપરેશન (ઈ.એન્ડ.એમ.) ડીપાર્ટમેન્ટ

Azadi Ka Amrit Mahotsav

વોટર ઓપરેશન (ઇ.એન્ડ એમ.) ખાતાના પૂર્વ અમદાવાદના ઉત્તર,પૂર્વ અને દક્ષિણ ઝોનમાં આવેલ ગાર્ડન તથા પાર્ટી પ્લોટમાં ૧૫૦ mm ડાયા અને ૨૭૫ મીટર ઉંડાઈના બોરવેલની ડ્રીલીંગ, કન્સ્ટ્રક્શન, ડેવલોપીંગ પાઈપ એસેમ્બલી તેમજ સબ.પંપમોટરસેટની એસ.આઈ.ટી.સી.ની કામગીરી.

| | |
|---|---|
| ઓન લાઈન ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ તથા સમય | તારીખ :-૧૨/૧૦/૨૦૨૨,૧૮:૦૦ કલાક સુધી |
| ટેન્ડર ડોક્યુમેન્ટ મોકલવાની છેલ્લી તારીખ તથા સમય | તારીખ :-૧૩/૧૦/૨૦૨૨,૧૬:૦૦ કલાક સુધી |
| ટેન્ડર ખોલવાની તારીખ તથા સમય | તારીખ :-૧૩/૧૦/૨૦૨૨,૧૭:૦૦ કલાકે |
| ટેન્ડર વેબસાઈટ | "www.amc.nprocure.com" |

**ફોર્મ જી**

**આજુબાજુના વિવિધ સ્થળોએ પ્લાસ્ટિક ઉત્પાદનો અને ઓટો ઈન્ડિયા ઘટકોના વિભાગોમાં કાર્યરત સિન્ટેક્સ-બીએપીએલ લિમિટેડ માટે વ્યાજની અભિવ્યક્તિ કરવા માટે આમંત્રણ**

(નાદારી અને દેવાળું (કોર્પોરેટ વ્યક્તિઓ માટે નાદારી ઠરાવ પ્રક્રિયા) નિયમન, ૨૦૧૬ ના નિયમન 36A (૧) હેઠળ

**સંબંધિત વિગતો**

| | | |
|---|---|---|
| ૧ | CIN સાથે કોર્પોરેટ દેવાદારનું નામ | સિન્ટેક્સ-બીએપીએલ લિમિટેડ<br>U25199GJ2007PLC051364 |
| ૨ | નોંધાયેલ ઓફિસનું સરનામું | અભિજીત-૧, ૭મો માળ, મીઠાખળી સિક્સ રોડ, એલિસબ્રિજ, અમદાવાદ, ગુજરાત-૩૮૦૦૦૬ |
| ૩ | વેબસાઈટનું યુઆરએલ | http://www.sintexbapl.co.in/ |
| ૪ | સ્થાનની વિગતો જ્યાં મોટાભાગની સ્થિર મિલકતો સ્થિત છે | ભારતમાં ૧૨ ઉત્પાદન સુવિધાઓ:<br>(૧) કલ્લોલ-પીપી વિભાગ, (i) ઉલુબેરિયા - પીપી વિભાગ, (ii) નમક્કલ-પીપી વિભાગ, (iv) નાલાગઢ-પીપી વિભાગ, (v) બુટીબોન-પીપી વિભાગ, (vi) ગુવાહાટી-પીપી વિભાગ. (vi) પુણે-આઈસીએમ ડિવિઝન (vii) સોહના-આઈસીએમ ડિવિઝન, (ix) ચેન્નાઈ ૧-આઈસીએમ ડિવિઝન, (x) ચેન્નાઈ ૨-આઈસીએમ ડિવિઝન, (xi) પિતમપુરા - આઈસીએમ ડિવિઝન, (xii) હોસુર - આઈસીએમ ડિવિઝન.<br>વેબસાઈટ http://www.sintexbapl.co.in/ પર અપલોડ કરાયેલા "ટીઝર"માં કોર્પોરેટ દેવાદાર વિશે વધુ વિગતોનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે. |
| ૫ | મુખ્ય ઉત્પાદનો/સેવાઓની સ્થાપિત ક્ષમતા | પ્લાસ્ટિક ઉત્પાદનો વિભાગ (table below) |

| વિભાગ | વાર્ષિક પ્લાન્ટ ક્ષમતા MT માં (મિક્સ SKU) |
|---|---|
| પ્લાસ્ટિક વિભાગ (PS) | ૯,૩૬૦ |
| શીટ મોલ્ડેડ કમ્પાઉન્ડ (SMC) | ૧૧,૨૩૨ |
| ફાઈબર-રિઈનફોર્સ્ડ પ્લાસ્ટિક (FRP) | ૧,૨૦૦ |
| ROTO મોલ્ડિંગ | ૩૨,૫૫૬ |
| બ્લો મોલ્ડિંગ (BMC) | ૧૫,૦૩૬ |
| કુલ | ૬૯,૩૮૪ |

ભારતીય કસ્ટમ મોલ્ડિંગ (ઓટો) ડિવિઝન

| વિભાગ | વાર્ષિક પ્લાન્ટ ક્ષમતા MT માં (મિક્સ SKU) |
|---|---|
| બ્લો મોલ્ડિંગ | ૨,૬૯૯ |
| ઈન્જેક્શન મોલ્ડિંગ | ૧૨,૬૨૮ |
| થર્મોસેટ્સ | ૧૭૪ |
| કુલ | ૧૫,૫૦૨ |

**નોંધ:** ક્ષમતા અને ક્ષમતાના ઉપયોગની ગણતરી ટેક્નોલોજી, મશીનો, ઉત્પાદનો અને ઉત્પાદનના કદના મિશ્રણના આધારે કરવામાં આવે છે. મિશ્રણમાં કોઈપણ ફેરફાર, ક્ષમતા અને ક્ષમતાના ઉપયોગમાં ફેરફારમાં પરિણમશે.

૬ ગયા નાણાકીય વર્ષમાં વેચાયેલી મુખ્ય ઉત્પાદનો સેવાઓનો જથ્થો અને મૂલ્ય

પ્લાસ્ટિક ઉત્પાદનો વિભાગ — નાણાકીય વર્ષ ૨૨

| મુખ્ય ઉત્પાદન જૂથ | ચોખ્ખી માત્રા MT માં | મૂલ્ય (INR કરોડમાં) |
|---|---|---|
| પાણીની ટાંકી (ROTO અને BMC) | ૧૩,૩૪૬ | ૩૫૩ |
| SMC અને FRP | ૩,૨૫૧ | ૯૫ |

ભારતીય કસ્ટમ મોલ્ડિંગ (ઓટો) ડિવિઝન — નાણાકીય વર્ષ ૨૨

| મુખ્ય ઉત્પાદન જૂથ | ચોખ્ખી માત્રા MT માં | મૂલ્ય (INR કરોડમાં) |
|---|---|---|
| ઈન્જેક્શન મોલ્ડિંગ | ૧૦,૪૩૫ | ૨૨૭.૭૦ |

**નોંધ:** અલગ-અલગ પ્રોડક્ટ SKU માં માપનના અલગ-અલગ એકમો હોય છે, એટલે કે, ઉપરોક્ત આંતરિક કાર્ય કંપનીની ટીમના અંદાજો પર રૂપાંતરણ પરિબળ મુજબ શક્ય હોય ત્યાં સુધી આધારિત છે.
નોંધ: કુલ વેચાણમાં ૧૦% કે તેથી વધુ યોગદાન આપતી ઉત્પાદને ધ્યાનમાં લેવામાં આવી છે

૭ કર્મચારીઓ/કામદારોની સંખ્યા — ૩૧ ઓગસ્ટ ૨૦૨૨ ના રોજ

| વિભાગ | નંબર* |
|---|---|
| પ્લાસ્ટિક ઉત્પાદનો | ૧,૮૦૭ |
| ભારતીય કસ્ટમ મોલ્ડિંગ (ઓટો) | ૧,૨૩૧ |

***નોંધ:** સ્ટાફ, કાયમી કામદારો અને કરાર આધારિત કામદારોનો સમાવેશ કરીને.

| | | |
|---|---|---|
| ૮ | બે વર્ષના છેલ્લા ઉપલબ્ધ નાણાકીય નિવેદનો (સમયપત્રક સાથે), લેણદારોની સૂચિ, સંબંધિત સહિતની વધુ વિગતો પ્રક્રિયાની અનુગામી ઘટનાઓ માટેની તારીખો અહીં ઉપલબ્ધ છે: | રૉ://.જેહીટહ્રક્રૅજ્ઞ.ર્ફૈ.હ/ પર સીઆઈઆરપી ટેબનો સંદર્ભ લો અથવા ઈ.જીહીટમ્ફૅન્જૈદ્ર.ૅ.ર્ઝસ પર ઈમેઈલ મોકલો. |
| ૯ | કોડની કલમ ૨૫(૨) (એચ) હેઠળ ઠરાવના અરજદારો માટેની પાત્રતા અહીં ઉપલબ્ધ છે: | http://www.sintexbapl.co.in/ પર સીઆઈઆરપી ટૅબ હેઠળ ઉપલબ્ધ એક્સપ્રેશન ઑફ ઈન્ટરેસ્ટ (ઈઓઆઈ) પ્રક્રિયા દસ્તાવેજનો સંદર્ભ લો અથવા RP.SintexBAPL@IN.GT.COM પર ઈમેઈલ મોકલો. |
| ૧૦ | વ્યાજ અભિવ્યક્તિની પ્રાપ્તિ માટેની છેલ્લી તારીખ | ૭ઓક્ટોબર,૨૦૨૨ |
| ૧૧ | સંભવિત અરજદારો ઠરાવ ની કામચલાઉ સૂચિ જારી કરવાની તારીખ | ૧૭ઓક્ટોબર,૨૦૨૨ |
| ૧૨ | કામચલાઉ યાદીમાં વાંધા રજૂ કરવાની છેલ્લી તારીખ | ૨૨ ઓક્ટોબર,૨૦૨૨ |
| ૧૩ | ઈઓઆઈ રજૂઆત કરવા માટે ઈમેલ આઈડીની પ્રક્રિયા કરો | RP.SintexBAPL@IN.GT.COM |

**આશિષ છાવછરીયા**
(IBBI/IPA-001/IP-P00294/2017-18/10538)
**સિન્ટેક્સ-બીએપીએલ લિમિટેડ માટે વ્યવસાયિક ઠરાવ**
R: **RP.SintexBAPL@in.gt.com**
આઈબીબીઆઈ સાથે નોંધાયેલ: ગ્રાન્ટ થોર્ન્ટન, ૧૦સી હંગરફોર્ડ સ્ટ્રીટ, કોલકાતા - ૭૦૦૦૧૭, પશ્ચિમ બંગાળ
E: **Ashish.Chhawchharia@in.gt.com**

**તારીખ : ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૨**
**સ્થળ : અમદાવાદ**